ગાંધીનગર સમાચાર

નાટકોએ યુવક મહોત્સવની શાનદાર છડી પોકારી

કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા યુવક મહોત્સવ 'સંગત-૨૦૧૯' ૨૦મીથી યોજાશે : પ્રથમ તબક્કામાં એકાંકી, ક્વિઝ અને મહેંદી સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૧૮

કડી સર્વ વિશ્વવિદ્યાલયના યુથફેસ્ટીવલ 'સંગત-૨૦૧૯'માં એકાંકી નાટક સ્પર્ધામાં વિષયોનું વૈવિધ્ય પ્રેક્ષકોને રીઝવી ગયું

ફેકલ્ટી ઓફ એજ્યુકેશન, સેકટર-૨૩, ગાંધીનગરના યજમાનપદે આયોજિત કડી સર્વ વિશ્વવિદ્યાલયના યુથફેસ્ટીવલ 'સંગત-૨૦૧૯'માં તા. ૧૮ સપ્ટેમ્બરના રોજ એકાંકી, ક્વીઝ અને મહેંદી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. ક્વીઝના પ્રિલિમીનરી રાઉન્ડમાં ૨૬ જેટલી કોલેજોએ ભાગ લીધો હતો. જેમાંથી ૫ કોલેજોને ફાઈનલ રાઉન્ડમાં લીધી હતી, મહેંદી સ્પર્ધામાં પણ ૨૪ સ્પર્ધકોએ મનમોહક ડીઝાઈન તૈયાર કરી હતી. એકાંકી સ્પર્ધામાં ૧૬ કોલેજોએ પોતાના પરફોર્મન્સ રજૂ કર્યા હતા. એકાંકી નાટક સ્પર્ધામાં કેટલાંક ખુબ જ રસપ્રદ વિષયો જેમકે એક 'શાદી કા પ્રસ્તાવ', 'એક અધુરી ખ્વાવીશ', 'કરુણાંતિકા', 'નરવાનર', 'માણસ', 'રમી લો ને યાર', 'પડી પટોળે ભાત', 'પ્રેમ દીવાનો', 'બેબ્સ ઈન ધ વુડ', 'ધ મિસ્ટ્રી ઓફ સેમેટરી', 'સમાજ કે દેશ' અને 'માય અનનોઉન વે' ઉપર ખુબ જ પ્રભાવક રજૂઆત માણવા મળી હતી. જેમાં આધુનિક માનવીની સંવેદના, બદલાતી સામાજિક પરિસ્થિતિ, શિક્ષણમાં આવેલ પરિવર્તન જેવાં પ્રવર્તમાન વિષયો પર થયેલી પ્રભાવક અને જીવંત રજૂઆતે ઉપસ્થિત પ્રેક્ષકોનાં દિલ જીતી લીધા હતા.

'સંગત ૨૦૧૯'નું આયોજન તા.૨૦ અને ૨૧ સપ્ટેમ્બરના રોજ પણ થનાર છે જેમાં ગ્રુપ સૉંગ, ફોક ડાન્સ, સ્કીટ, ક્લાસિકલ ડાન્સ, કાવ્ય પઠન, માઈમ, પોસ્ટર મેકિંગ, પોસ્ટર મેકિંગ વગેરે જેવી કુલ ૨૮ સ્પર્ધાઓનું આયોજન થનાર છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ .જી., એસ.વી. શાળામાં વાલી મિટિંગ અને જ્ઞાન મંથન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં એસ .જી . ઈંગ્લિશ મીડિયમ પ્રાઈમરી શાળાના વિદ્યાર્થીઓએ ૮૬ અને એસ .વી . ઈંગ્લિશ મીડિયમ પ્રાયમરી શાળાના વિધ્યાર્થીઓએ ૧૬ વિષયો એમ ૧૦૨ વિવિધ વિષયો પર વાલીઓ સમક્ષ પોતાનું જ્ઞાન વ્યક્ત કર્યું હતું. વિદ્યાર્થીઓની આંતરિક શક્તિ વિકસે તે હેતુથી આ કાર્યક્રમનું આયોજન થયું હતું.

શ્રી સ્વામિનારાયણ પોલીટેકનીક ખાતે

ઊર્જા સંરક્ષણ વિષયે વર્કશૉપ યોજાયો

ગાંધીનગર, તા. ૧૮

શ્રી સ્વામિનારાયણ પોલીટેકનીક, સેક્ટર-૨૨ ખાતે ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ એજન્સીના સંયુક્ત ઉપક્રમે એનર્જી કન્ઝર્વેશન અવેરનેસને અનુલક્ષીને વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં જેડાના પ્રોજેક્ટ એક્ઝિક્યુટિવ અમિતાબેન પંડ્યા, આર એન પંડ્યા અને દેવ એન્જિનિયર્સના ડિરેક્ટર સ્નેહલ દવે, કોલેજના ઈલેક્ટ્રીકલ અને મિકેનીકલ ડિપાર્ટમેન્ટના સ્ટાફ મિત્રો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ વર્કશોપમાં આર એન પંડ્યા અને સ્નેહલભાઈ દવે દ્વારા વર્કશોપને અનુરૂપ ઓડિયો-વિડીયો દ્વારા યોગ્ય દૃષ્ટાંત પૂરાં પાડી વિષય બાબતની જાણકારી વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. ઊર્જા સંરક્ષણના ફાયદા, ભવિષ્યમાં ઊર્જા બાબતે ઊભી થનારી તકલીફો અને ઊર્જા વપરાશના સંયમ તેમજ ભવિષ્યની પેઢી માટે ઊર્જા બચાવવા માટેના વૈકલ્પિક સ્ત્રોતોનો ઉપયોગ કરી ઊર્જા કેવી રીતે બચાવવી કે મેળવવી એ વિષયે પણ વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા.

જન્મદિને વધામણી

શકુંતલાબેન મહેન્દ્રલાલ શાહ
ફોન : ૨૩૨૨૯૪૪૭

નવ્યા આશિષકુમાર જોષી
મો. ૯૭૨૨૫ ૧૬૦૨૧

હાર્દિક રાઠોડ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટ્યુટ ઓફ ફાર્મસીમાં સફળ ફાર્માસીસ્ટ બનવા વિષયે વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા. ૧૮

શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટ્યુટ ઓફ ફાર્મસીમાં સફળ ફાર્માસીસ્ટ બનવા માટેનું વ્યાખ્યાન યોજાયું હતું.

બાપુ ગુજરાત નોલેજ વિલેજ સંચાલિત શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટ્યુટ ઓફ ફાર્મસી ખાતે રેગ્યુલેટરી અફેર ઓફ રિટેલ એન્ડ હોલસેલ મિડિસિન વિષયે એફડીઆઈ ઓફ ગુજરાત સ્ટેટના આસિ. કમિશનર એન આર સૈયદ દ્વારા વક્તવ્ય યોજાયું હતું.

આ વક્તવ્યમાં તેમણે એક રજિસ્ટર્ડ ફાર્માસિસ્ટ તરીકે કઈ કઈ બાબતોનો ખ્યાલ રાખવો જોઈએ, કયા કયા નિયમોનું પાલન કરવું જોઈએ, ફાર્માસિસ્ટને ગવર્મેન્ટ તરફથી મળતા લાભ તથા સફળ ફાર્માસિસ્ટ બનવા માટેની ટીપ્સ વગેરે મુદ્દાઓ ચર્ચીને વિદ્યાર્થીઓને ઊંડાણપૂર્વક માહિતી પૂરી પાડી હતી. આ વક્તવ્યનું આયોજન કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. ધર્મેશ ગોલવાલા દ્વારા અને સંચાલન સ્ટાફ મિત્રો દ્વારા કરવામાં આવ્યું હતું.

શ્રીમતી આર સી પટેલ સ્કૂલમાં સ્વચ્છતા વિષયે નવતર કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર સી પટેલ સૅકન્ડરી ઍન્ડ હાયર સૅકન્ડરી સ્કૂલ દ્વારા સ્વચ્છતા પર આધારિત એક અનોખો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. શિક્ષક સંજય ત્રિવેદી અને પ્રવીણભાઈ પટેલના માર્ગદર્શનમાં શાળાના વિદ્યાર્થીઓએ ગાંધીબાપુને એક પત્ર લખ્યો હતો, જેમાં વિદ્યાર્થીઓએ સ્વચ્છતા અંગેના વ્યક્તિગત અને કૌટુંબિક યોગદાનની સાથે શારીરિક અને માનસિક સ્વચ્છતાની વાત પણ કરી હતી. ભવિષ્યમાં તેઓ સ્વચ્છતા અંગે કેવી રીતે પ્રતિબદ્ધ રહેશે તેની ખાતરી આપી ચાલુ વર્ષે આવી રહેલા બાપુના જન્મદિનને યાદગાર રીતે ઉજવવા સાચી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. ૨૨૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહથી આ પત્રલેખન કર્યું હતું.

ગાંધીનગર, તા. ૧૮

એસ. એસ. વી કેમ્પસમાં **"Road Safety and Traffic Awareness Week"**નું આયોજન કરવામાં આવ્યું હતું. આ વિષયે આયોજિત સેમિનારમાં ધોરણ પથી ૯ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. મુખ્ય મહેમાન તરીકે અમીત ખત્રીજીએ હાજરી આપી હતી. તેમણે વિદ્યાર્થીઓને રોડ સેફટી બાબતે સમજણ આપી હતી,,સાથે-સાથે વેન ડ્રાઈવરને પણ રોડ સેફટી અને ટ્રાફિકના નિયમો વિષય સમજાવ્યું હતું.વેન ડ્રાઈવરોનું પ્રોત્સાહન વધારવા માટે તેમને શાળા તરફથી કીટ પણ આપવામાં આવી હતી.

ફિનિક્સની સ્થાપના

પ્રથમ તો મેં વેસ્ટની સાથે વાત કરી. 'સર્વોદય'ની મારા ઉપર થયેલી અસર મેં તેમને કહી સંભળાવી, ને સૂચવ્યું કે 'ઈંડિયન ઓપીનિયન'ને એક ખેતર ઉપર લઈ જવું. ત્યાં સહુ એકસરખો ખાધાખરચ પૂરતો ઉપાડ કરે, સહુ પોતાની ખેતી કરે, અને બચવા વખતમાં 'ઈંડિયન ઓપીનિયન'નું કામ કરે. વેસ્ટે એ સૂચનાનો સ્વીકાર કર્યો. દરેકનું ખાધાખરચ ઓછામાં ઓછું ત્રણ પાઉંડ થાય એવી ગણતરી કરી. આમાં ગોરાકાળાનો ભેદ નહોતો રાખવામાં આવ્યો.

પણ પ્રેસમાં તો દશેક કામ કરનાર હતા. બધાને જંગલમાં વસવું અનુકૂળ આવે કે નહીં એ એક સવાલ હતો, અને બધા એકસરખો ખાવા પહેરવા જોગો જ ઉપાડ કરવા તૈયાર થાય કે નહીં એ બીજો સવાલ હતો. અમે બંનેએ તો એવો નિશ્ચય કર્યો કે, જે આ યોજનામાં દાખલ ન થઈ શકે તે પોતાનો પગાર ઉપાડે; ધીમે ધીમે બધા સંસ્થાવાસી થઈને રહે એ આદર્શ રાખવો.

આ દ્રષ્ટિએ મેં કામદારોમાં વાત શરૂ કરી. મદનજિતને તો તે ગળે ન જ ઊતરી. તેમને ધાસ્તી લાગી કે, જે વસ્તુમાં તેમણે પોતાનો આત્મા રેડ્યો હતો તે મારી મૂર્ખાઈથી એક માસમાં ધૂળધાણી થઈ જવાની, 'ઈંડિયન ઓપીનિયન' નહીં ચાલે, પ્રેસ પણ નહીં ચાલે, ને કામદારો ભાગી જશે.

મારા ભત્રીજા છગનલાલ ગાંધી આ પ્રેસમાં કામ કરતા હતા. તેમને પણ મેં વેસ્ટની સાથે જ વાત કરી. તેમને કુંટુંબનો બોજો હતો. પણ બચપણથી જ તેમણે મારી નીચે તાલીમ લેવાનું ને કામ કરવાનું પસંદ કર્યુ હતું. મારા પર તેમનો બહુ વિશ્વાસ હતો. એટલે દલીલ વગર તે તો ભળ્યા ને આજ લગી મારી સાથે જ છે.

ત્રીજા ગોવિંદસામી કરીને મશીનિયર હતા. તે પણ ભળ્યા. બીજાઓ જોકે સંસ્થાવાસી ન થયા, પણ તેમણે હું પ્રેસને જ્યાં લઈ જાઉં ત્યાં આવવા કબૂલ કર્યુ. આમ કામદારોની જોડે વાતચીતમાં બેથી વધારે દિવસ ગયા હોય એમ મને યાદ નથી. તુરત મેં છાપામાં ડરબનની નજીક કોઈ પણ સ્ટેશન પાસે જમીનના ટુકડાને સારુ જાહેરખબર મૂકી. જવાબમાં ફિનિક્સની જમીનનું કહેણ આવ્યું. વેસ્ટ ને હું તે જોવા ગયા. સાત દિવસની અંદર ૨૦ એકર જમીન લીધી. તેમાં એક નાનકડો પાણીનો ઝરો હતો. કેટલાંક નારંગીનાં ને કેરીનાં ઝાડ હતાં. જોડે જ ૮૦ એકરનો બીજો એક કકડો હતો. તેમાં વિશેષ ફળઝાડ ને એક ઝૂંપડું હતું. તે પણ થોડા દિવસ બાદ ખરીધો. બેઉના મળીને ૧,૦૦૦ પાઉંડ આપ્યા. શેઠ પારસી રુસ્તમજી મારાં આવાં બધાં સાહસોના ભાગીદાર હોય જ. તેમને મારી આ યોજના ગમી. એક મોટા ગોડાઉનનાં પતરાં વગેરે તેમની પાસે પડ્યાં હતાં તે તેમણે મફત આપ્યાં. તે વડે બાંધકામ શરૂ કર્યું. કેટલાક હિંદી સુતારો ને સલાટો મારી સાથે લડાઈમાં આવેલા તેમાંના મળી આવ્યા. તેમની મદદથી કારખાનું બાંધવાનું શરૂ કર્યું. એક માસમાં મકાન તૈયાર થયું. તે ૭૫ ફૂટ લાંબું ને ૫૦ ફૂટ પહોળું હતું. વેસ્ટ વગેરે શરીરને જોખમે કડિયા સુતાર સાથે વસ્યા.

ફિનિક્સમાં ઘાસ ખૂબ હતું, વસ્તી મુદ્દલ નહોતી. તેથી સર્પોનો ઉપદ્રવ હતો તે જોખમ હતું. પ્રથમ તો સહુ તંબૂ તાણીને રહેલા.

મુખ્ય મકાન તૈયાર થયું એટલે એક અઠવાડિયામાં ઘણોખરો સામાન ગાડાવાટે ફિનિક્સ લઈ ગયા. ડરબન ને ફિનિક્સ વચ્ચે તેર માઈલનું અંતર હતું. ફિનિક્સ સ્ટેશનથી અઢી માઈલ છેટું હતું.

માત્ર એક જ અઠવાડિયું 'ઈંડિયન ઓપીનિયન' મકર્યુરી પ્રેસમાં છપાવવું પડ્યું. મારી સાથે જે જે સગાઓ વગેરે આવેલા ને વેપારમાં વળગી ગયા હતા તેમને મારા મતમાં ભેળવવાનો ને ફિનિક્સમાં દાખલ કરવાનો પ્રયત્ન મેં આદર્યો. આ બધા તો દ્રવ્ય એકઠું કરવાની હોંશે દક્ષિણ આફ્રિકા આવેલા. તેમને સમજાવવાનું કામ મુશ્કેલ હતું. પણ કેટલાક સમજ્યા. આ બધામાંથી અત્યારે મગનલાલ ગાંધીનું નામ હું તારવી કાઢું છું. કેમ કે બીજા જે સમજ્યા તે થોડોઘણો વખત ફિનિક્સમાં રહી પાછા દ્રવ્યસંચયમાં પડ્યા. મગનલાલ ગાંધી પોતાનો ધંધો સંકેલી મારી સાથે આવ્યા ત્યારથી તે રહ્યા જ છે; ને પોતાના બુધ્ધિબળથી, ત્યાગશક્તિથી ને અનન્ય ભકિતથી મારા આંતરિક પ્રયોગોમાંના મારા મૂળ સાથીઓમાં આજે પ્રધાનપદ ભોગવે છે, ને સ્વયંશિક્ષિત કારીગર તરીકે તેઓમાં મારી દ્રષ્ટિએ અદ્વિતીય સ્થાન ભોગવે છે. આમ ૧૯૦૪ની સાલમાં ફિનિક્સની સ્થાપના થઈ, અને વિટંબણાનો છતાં ફિનિક્સ સંસ્થા તેમ જ 'ઈંડિયન ઓપીનિયન' બન્ને હજુ નભી રહ્યાં છે. પણ આ સંસ્થાની આરંભની મુસીબતો ને તેમાં થયેલી આશાનિરાશાઓ તપાસવા લાયક છે. તે બીજા પ્રકરણમાં વિચારશું.

સૌજન્ય : સત્યના પ્રયોગો

૨૦મીથી અમદાવાદમાં ત્રણ દિવસીય ગઝલોત્સવ



ગાંધીનગર, તા. ૧૮

તા. ૨૦, ૨૧, ૨૨ સપ્ટેમ્બર ૨૦૧૯ (શુક્ર, શનિ, રવિ)ના રોજ શબ્દશ્રી અને ગુજરાત સાહિત્ય અકાદમી આયોજિત ટાઉન હોલ, એલીસબ્રીજ, અમદાવાદ ખાતે રાત્રે : ૮.૩૦ કલાકે ત્રિદિવસીય 'ગઝલોત્સવ'નું આયોજન થયું છે. જેમાં જાણીતા ૧૦૦ કલાકારો એમની કલા પાથરશે. ગઝલોત્સવનું આ સાતત્યપૂર્ણ ચોથું વર્ષ છે. ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષશ્રી વિષ્ણુ પંડ્યા ઉપસ્થિત મહાનુભાવો સાથે ગઝલોત્સવનું ઉદઘાટન કરશે.

પ્રથમ દિવસે મુશાયરાનું આયોજન થયું છે. જેમાં ગુજરાતના જાણીતા કવિઓ એમની રચના રજૂ કરશે. સર્વશ્રી ખલીલ ધનતેજવી, જવાહર બક્ષી, રાજેશ વ્યાસ 'મિસ્કીન', ભાગ્યેશ જહા, દલપત પઢિયાર, રમેશ ઠક્કર, હિતેન આનંદપરા, રક્ષા શુક્લ, રમેશ ચૌહાણ, મનીષ પાઠક 'શ્વેત', જીગર ઠક્કર અને હરદ્વાર ગોસ્વામી સ્વરચિત કાવ્યપઠન કરશે. સંચાલન જાણીતા કવિ મુકેશ જોશી કરશે. બીજા દિવસે 'ગઝલનો કરીએ ગુલાલ' કાર્યક્રમમાં ગુજરાતના જાણીતા ગરવા ગાયકો દ્વાર ગુજરાતી ભાષાની જાણીતી ગઝલો રજૂ થશે. સર્વશ્રી નયનેશ જાની, નયન પંચોલી, ડૉ. ફાલ્ગુની શશાંક, અરુણ રાજયગુરુ, રીટા દવે, અસીમ મહેતા, હેતલ રાવલ, રક્ષા શુક્લ, બલરાજ શાસ્ત્રી, નિલેશ વ્યાસ, દક્ષાંત વૈષ્ણવ અને ડૉ. કૃતિ મેઘનાથી ગાયન દ્વારા ગઝલ રજૂ કરશે. સંગીત મયુર દવે અને સંચાલન ડૉ. જયેન્દ્રસિંહ જાદવ કરશે. ત્રીજા દિવસે અર્વાચીનના આદ્ય દલપતરામની દ્વિજન્મ-શતાબ્દી નિમિત્તે 'મિથ્યાભિમાન' નાટક રજૂ થશે. ૧૪૭ વર્ષ પહેલાનો માહોલ જીવંત કરતું અને હાસ્યની છોળ ઉડાડતું, સુધારકયુગનું અનોખું અદભુત નાટકનું દિગ્દર્શન મહેન્દ્રસિંહ પરમારે કર્યું છે. કલાકારોનો કાફલો સાથે રજૂ થતું કવીશ્વર દલપતરામ લિખિત આ નાટક ભવ્ય ભાતીગળ ભજવણીને કારણે સૌને આકર્ષતું રહ્યું છે.